# 3 રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા

V2S1B1

રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા (સેક્યુલરિઝમ - ધર્મનિરપેક્ષતા) બંને રાજ્યશાસ્ત્રના અભ્યાસ માટે અગત્યના ખ્યાલો છે. કોઈપણ રાજ્યની એકતા માટે રાષ્ટ્રવાદની ભાવના મહત્ત્વની બાબત છે. પરંતુ લોકશાહી રાજ્યની મજબૂતાઈ માટે રાષ્ટ્રવાદ ઉપરાંત બિનસાંપ્રદાયિકતાનો આદર્શ પણ મહત્ત્વની બાબત છે. લોકશાહી મૂર્તિમંત થાય તે માટે કોઈ પણ જાતના ધાર્મિક ભેદભાવ વગર તમામ નાગરિકોને સમાનતાનો હક મળે તે માટે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર જરૂરી છે. બિનસાંપ્રદાયિકતાને લીધે જ રાજ્યના તમામ નાગરિકો કોઈ પણ જાતના ભેદભાવ વિના જાહેર બાબતોની નીતિ-ઘડતરમાં ભાગ લઈ શકે છે. આમ થવાથી રાષ્ટ્ર-રાજ્ય મજબૂત બને છે. તેથી ભારતની લોકશાહીને પોષક એવા રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા બંને ખ્યાલોને આપણે વિગતે સમજીએ.

**રાષ્ટ્રવાદ**

રાષ્ટ્રવાદની સમજૂતી મેળવતાં પહેલાં આપણે 'રાષ્ટ્ર' શબ્દનો અર્થ જાણવો જરૂરી છે. રાષ્ટ્ર માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'નેશન' લેટિન ભાષાના 'નેસીયો' ઉપરથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ 'જાતિ' એવો થાય છે. આમ, તેના શબ્દાર્થ પ્રમાણે રાષ્ટ્ર એટલે એક જ જાતિમાંથી બનેલો સમૂહ. પરંતુ, લૉર્ડ બ્રાઈસનું કહેવું છે કે રાષ્ટ્ર માટે રાષ્ટ્રીયતાની માનસિક કે આધ્યાત્મિક ભાવનામાં રાજકીય તત્ત્વ ઉમેરાય ત્યારે તે રાષ્ટ્ર બને છે. એટલે કે રાષ્ટ્રીયતા જ્યારે સ્વતંત્રતાપ્રાપ્તિની પ્રબળ ઈચ્છા ધરાવે ત્યારે તે રાષ્ટ્ર બને છે.

આમ ભાષા, ધર્મ, જાતિ, ભૌગોલિક એકતા અને ભાવાત્મક એકતા રાષ્ટ્રના સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવું પ્રત્યેક 'રાષ્ટ્ર' રાજ્ય બનવાની ઝંખના ધરાવે છે. આવું રાષ્ટ્ર જ્યારે રાજ્યનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે રાષ્ટ્ર રાજ્ય તરીકે ઓળખાય છે. આમ છતાં રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચે તફાવત છે જે નીચે પ્રમાણે સમજી શકાય :

**(ક) અર્થની દૃષ્ટિએ :** જ્યારે કોઈ એક માનવસમૂહ જાતિ, ભાષા, ધર્મ, ભૌગોલિક એકતા, સમાન, ઐતિહાસિક વારસો, સમાન પ્રણાલિકાઓ અને ભાવાત્મક ઐક્ય ધરાવે છે ત્યારે તે રાષ્ટ્ર એકતા અનુભવે છે. આવો માનવસમૂહ રાજકીય રીતે સ્વતંત્ર થવાની ઝંખના કરે ત્યારે તે રાષ્ટ્ર કહેવાય છે. આ સાથે એ પણ મહત્ત્વનું છે કે, એક રાષ્ટ્રમાં વિવિધ ભાષા, વિવિધ ધર્મો, વિવિધ જાતિવાળા માનવસમૂહો હોઈ શકે છે.

જ્યારે રાજ્ય માટે ચાર ઘટકતત્ત્વો મહત્ત્વનાં છે : વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ.

**(ખ) સ્વરૂપની દૃષ્ટિએ :** રાષ્ટ્ર મુખ્યત્વે સાંસ્કૃતિક ખ્યાલ છે. તેમાં રાજકીય તત્ત્વ હોય પણ ખરું અને ન પણ હોય. જો હોય તો તે ગૌણ સ્વરૂપનું હોય છે.

જ્યારે રાજ્ય સંપૂર્ણ રીતે રાજકીય સ્વરૂપ ધરાવે છે. તે આંતરિક અને બાહ્ય બંને રીતે સાર્વભૌમત્વ ધરાવે છે. દા.ત., 15 મી ઑગસ્ટ, 1947 પહેલાં ભારત રાષ્ટ્ર હતું પરંતુ 15 મી ઑગસ્ટ, 1947ના રોજ સ્વતંત્રતા મળતાં ભારત રાજ્ય બન્યું.

**(ગ) પીઠબળની દૃષ્ટિએ :** રાજ્યને સાર્વભૌમત્વનું પીઠબળ હોવું જ જોઈએ. જ્યારે રાષ્ટ્રને સાર્વભૌમત્વનું પીઠબળ હોય પણ ખરું અને ન પણ હોય, તે તેનું અનિવાર્ય તત્ત્વ નથી.

**(ઘ) વ્યાપની દૃષ્ટિએ :** રાષ્ટ્રનો વ્યાપ મોટો હોઈ શકે છે. રાષ્ટ્ર માટે ચોક્કસ ભૌગોલિક સરહદોની જરૂર નથી. જ્યારે રાજ્ય બનવા માટે ચોક્કસ ભૌગોલિક વિસ્તાર આવશ્યક તત્ત્વ છે. જે રાજ્યની ચોક્કસ સરહદો સૂચવતો હોય છે.

આમ રાજ્ય કરતાં રાષ્ટ્રનો વ્યાપ મોટો હોઈ શકે છે. દા.ત., 1948 પહેલાં યહૂદીઓ વિશ્વના ઘણા દેશોમાં ફેલાયેલા હતા. તેઓ યહૂદી રાષ્ટ્રની એકતા અનુભવતા હતા.

**(ચ) ઘટકતત્ત્વોની દૃષ્ટિએ :** રાષ્ટ્ર બનવા માટે આગળ જોયાં તે ભાષા, ધર્મ વગેરે તમામ તત્ત્વોની હાજરી અનિવાર્ય

નથી. જ્યારે રાજ્ય બનવા માટે આગળ જોયાં તે ચાર ઘટકતત્ત્વો - વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ અનિવાર્ય છે.

**(છ) ખ્યાલની દૃષ્ટિએ :** રાષ્ટ્રને ભાવાત્મક એકતા સાથે સંબંધ છે. જ્યારે રાજ્ય કાનૂની ખ્યાલ ધરાવે છે. તેને કાનૂની વ્યક્તિત્વ હોય છે.

આમ, રાષ્ટ્ર અને રાજ્ય બંને ખ્યાલો વચ્ચે સ્પષ્ટ અંતર છે. આમ છતાં કેટલીક વાર બંને એકબીજાની અવેજીમાં પણ વપરાય છે. દા.ત., 1945માં સ્થપાયેલ સંયુક્ત રાષ્ટ્રો (યુએન) એ વાસ્તવમાં સાર્વભૌમ રાજ્યોનો સંઘ છે. આમ છતાં તે રાષ્ટ્રોના સંઘ તરીકે ઓળખાય છે. તે જ રીતે ભારતીય સંઘમાં જે ઘટક એકમો છે તે રાજ્યોના નામે ઓળખાય છે. પરંતુ તેઓ રાજ્યશાસ્ત્રની પરિભાષાની દૃષ્ટિએ 'રાજ્ય' નથી.

રાષ્ટ્રવાદ એ રાષ્ટ્રમાં ઊભી થતી મારાપણાની ઊંચી ભાવના છે. તે એક અત્યંત પ્રભાવશાળી વિચારધારા છે. તે પોતાના રાષ્ટ્રને શ્રેષ્ઠ ગણે છે. જો રાષ્ટ્ર પરાધીન હોય તો તેની સ્વતંત્ર બનવાની રાજકીય મહેચ્છા ઉગ્ર બનાવે છે. રાષ્ટ્ર-રાજ્ય ઉપર આફત આવે ત્યારે તે પોતાનાં રાજ્યોની શાંતિ, સલામતી અને અખંડિતતા માટે મરી-ફીટવાની ભાવના પેદા કરે છે.

**રાષ્ટ્રવાદનાં લક્ષણો**

કેટલાક અભ્યાસીઓએ રાષ્ટ્રવાદનાં લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છે :

**(1) સમાન આદતો અને સંચારની સુવિધા :** સમાન આદતો અને સંચારમાં ભાગીદાર બનતો મોટો માનવસમૂહ એ રાષ્ટ્રવાદનું પ્રથમ લક્ષણ છે. સંચારમાં ભાષા, લિપિ અને ચિત્ર જેવાં પ્રતીકોની સમાનતા સમાજમાં એકરૂપતા લાવે છે.

**(2) તે માનસિક સ્થિતિ છે :** રાષ્ટ્રવાદ એ મનની એક ભાવના છે. તે એવી માનસિક અવસ્થા છે, જેમાં લોકોની અંતિમ જવાબદારી પોતાના રાષ્ટ્ર પ્રત્યે છે. તે કેટલુંક રહસ્યનું તત્ત્વ ધરાવે છે. તે વાસ્તવિક હોય કે ન પણ હોય તેવા રાષ્ટ્ર સાથે સંકળાયેલ હોય છે.

**(3) તે આધુનિક ઘટના છે :** પ્રાચીન સમયમાં પણ પ્રજાને પોતાના દેશ પ્રત્યે પ્રેમ હતો જ. પરાજિત મહારાણા પ્રતાપની મદદે પોતાના કરોડો રૂપિયાનાં ઝવેરાત સાથે મદદે જનાર ભામાશા શેઠ જેવાં ઉદાહરણો ભારતમાં અન્ય સ્થળે અને વિશ્વના દેશોમાં હતાં જ. પરંતુ આમજનતાની જાગૃતિ અને એકતાને વ્યક્ત કરતી વેસ્ટફાલિયાની સંધિમાં આધુનિક રાષ્ટ્રવાદના બીજ પ્રથમવાર જોવા મળ્યાં. 18મી સદીમાં અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામમાં 'પ્રતિનિધિત્વ નહિ તો કર નહિ' એવી લોકજાગૃતિમાં અને ફ્રેન્ચ ક્રાંતિની સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનામાં રાષ્ટ્રવાદ સ્પષ્ટરૂપે વ્યક્ત થયો.

**(4) રાષ્ટ્રવાદ માટે રાજ્યનું હોવું જરૂરી નથી :** રાષ્ટ્રવાદી ભાવના રાજ્યનાં અસ્તિત્ત્વ વગર પણ ઉદ્‌ભવી શકે છે. જેમ કે, ભારતમાં અંગ્રેજોની ગુલામી સમયે 1885માં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસની સ્થાપના સાથે રાષ્ટ્રવાદનો થયેલો ક્રમિક વિકાસ.

**(5) એક રાજ્યમાં રાષ્ટ્રો અનેક હોઈ શકે પરંતુ રાષ્ટ્રવાદ એક જ હોય છે :** રાજકીય ચિંતક જે. એસ. મિલ અને અમેરિકન પ્રમુખ વુડ્રોવિલ્સન એક રાષ્ટ્ર એક રાજ્યના સમર્થક હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પછી આ સિદ્ધાંતને પગલે કેટલાંક નવાં રાષ્ટ્ર-રાજ્યોનો જન્મ પણ થયો.

પરંતુ એક રાષ્ટ્ર એક રાજ્યના સિદ્ધાંતનો વ્યાપક પાયા ઉપર અમલ થઈ શકે તેમ નથી, તે બાબતનું સમર્થન બહુત્વવાદીઓએ કર્યું. આ બહુરાષ્ટ્ર - એક રાજ્યના સિદ્ધાંતનો અમલ આજે પણ અમેરિકા, ભારત, ચીન અને રશિયા જેવાં વિશ્વનાં ઘણાં રાજ્યોમાં જોવા મળે છે. અહીં વિવિધતામાં એકતાથી તંદુરસ્ત રાષ્ટ્રવાદનો વિકાસ થયેલો જણાય છે.

**(6) રાષ્ટ્રવાદ ઉદારમતવાદી અથવા ઉગ્રવાદી :** જ્યારે રાષ્ટ્રના લોકો પોતાના રાષ્ટ્ર માટે ગૌરવની લાગણી ધરાવતા હોય, તે સાથે અન્ય રાષ્ટ્રના સહઅસ્તિત્ત્વને પણ સ્વીકારતા હોય ત્યારે તે ઉદારમતવાદી રાષ્ટ્રનું સ્વરૂપ ધારણ કરે છે.

જ્યારે મુસોલિનીના નેતૃત્વ નીચે ઈટાલીમાં ફાસીવાદી અને હિટલરના નેતૃત્વ નીચે જર્મનીમાં વિકસેલ નાઝીવાદી રાષ્ટ્રવાદે આર્યજાતિ જ મહાન છે, વિશ્વની અન્ય પ્રજા નિમ્ન કક્ષાની છે. તેવી ભાવના ફેલાવી જે બીજા વિશ્વયુદ્ધ માટે મહત્ત્વનું કારણ બની. ફાસીવાદ અને નાઝીવાદ એ ઉગ્ર રાષ્ટ્રવાદનાં ઉદાહરણો છે.

**(7) ઉદાર રાષ્ટ્રવાદ સમાજને સંગઠિત કરે છે :** ઉદાર રાષ્ટ્રવાદ વિવિધ ધર્મો, વિવિધ ભાષાઓ, વિવિધ વર્ગો અને

વિવિધ જાતિઓ વચ્ચેના ભેદભાવને ઓળંગીને લોકોને એક રાષ્ટ્ર-રાજ્યની ભાવના પ્રત્યે વફાદાર બનાવે છે.

**(8) તે આપત્તિઓનો સામનો કરવાની શક્તિ આપે છે :** સમાજ અને રાજ્ય ઉપર ક્યારેક કુદરતી આપત્તિ જેવી કે ધરતીકંપ, પૂર, વાવાઝોડું અને માનવસર્જિત આપત્તિ જેવી કે, વિદેશી આક્રમણ આવે છે. આ સમસ્યાઓનો સફળતાપૂર્વક સામનો કરવાનું નૈતિક બળ રાષ્ટ્રવાદ પૂરું પાડે છે.

**(9) રાષ્ટ્રને આર્થિક રીતે મજબૂત બનાવે છે :** યુરોપના સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો ભોગ બનેલા દેશોના લોકો ઉપર થયેલા અત્યાચારોએ લોકોમાં આર્થિક જાગૃતિ આણેલી તેથી આ ગુલામ દેશોમાં આર્થિક રાષ્ટ્રવાદ મજબૂત બન્યો. આર્થિક ચિંતક દાદાભાઈ નવરોજીએ પોતાના અભ્યાસોને આધારે કહેલું કે, 'હિંદની ગરીબાઈનું કારણ અંગ્રેજોની શોષણનીતિમાં રહેલું છે.' ગાંધીજીનો વિદેશી માલનો બહિષ્કાર, સ્વદેશીનો આગ્રહ અને ગામડાને આત્મનિર્ભર બનાવવાના વિચારો ભારતના રાષ્ટ્રવાદને પોષક હતા.

આમ રાષ્ટ્રવાદ રાજ્યને અનેક રીતે ઉપકારી હોવા છતાં વૈશ્વિકીકરણના નૂતન પ્રવાહો વિશ્વને આંતર રાષ્ટ્રવાદ તરીકે દોરનારા બન્યા છે. આમ છતાં આજે પણ પ્રત્યેક રાષ્ટ્ર-રાજ્ય નાગરિકની તેના પ્રત્યેની વફાદારી ઉપર ભાર મૂકે છે. તેથી જ ભારતના બંધારણમાં મૂળભૂત ફરજો ઉમેરાઈ અને તેના ઉપર ભાર મુકાયો. નાગરિકો પણ પોતાના રાષ્ટ્ર-રાજ્યને વિશ્વમાં માનપૂર્ણ દરજ્જો મળે તેવું ઇચ્છતા હોય છે.

## બિનસાંપ્રદાયિકતાનો અર્થ (વૈશ્વિક તેમજ ભારતીય પરિપ્રેક્ષ્યમાં)

બિનસાંપ્રદાયિકતાનો અર્થ વૈશ્વિક કક્ષાએ સમજવા માટે આપણે બિનસાંપ્રદાયિકતાનો વિકાસ તપાસવો જોઈએ. વૈશ્વિક કક્ષાએ બિનસાંપ્રદાયિકતાનો પ્રશ્ન 17મી અને 18મી સદી દરમિયાન મહત્ત્વનો બનેલો. એ સમયે રાજ્ય તેના વિકાસના તબક્કામાં હતું. આ પ્રશ્ન ખાસ કરીને તેના ચર્ચ સાથેના સંબંધ અંગેનો હતો. મધ્યકાલીન યુગમાં રાજ્ય ચર્ચ તરફ પોતાની સત્તા માટે જોતું હતું. ધર્મને પરલોક સાથે, જ્યારે રાજ્યને ઈહલોક સાથે સંબંધ છે. તેથી આખરે નવાં રાજ્યો જે આધુનિક સમયમાં ઉદ્ભવ્યાં, તેમાં તેના ધર્મસત્તાને સહારે નહિ પોતાની જાતે જ રાજકીય સત્તાને મૂલવતા થયાં. આમ, ધર્મસત્તા અને રાજકીય સત્તાના સંઘર્ષમાંથી વિજયી બનેલ રાજકીય સત્તા અને રાજ્ય બિનસાંપ્રદાયિક બન્યાં. રાજ્યના વિકાસની સાથે બિનસાંપ્રદાયિકતાનો આદર્શ સ્વીકૃત બનતો ગયો. આજે વિશ્વના લોકશાહી અને સામ્યવાદી એવા મોટા ભાગનાં રાજ્યો બિનસાંપ્રદાયિકતાનો આદર્શ સ્વીકારે છે. વિશ્વમાં બિનસાંપ્રદાયિક રાજ્યનો ખ્યાલ નીચેની બાબતો સાથે સંકળાયેલ છે :

(1) ધર્મની બાબતમાં રાજ્યનું સ્થાન અને ભૂમિકા તટસ્થ હોય છે. રાજ્ય કોઈ ધર્મને પ્રાથમિકતા આપતું નથી.

(2) ધર્મની બાબતમાં તમામ નાગરિકોને રાજ્ય તરફથી સ્વાતંત્ર્યની બાંયધરી મળે છે. એટલે કે, વ્યક્તિ પોતાને મનપસંદ ધર્મ પાળવાની, તેના માટે સંગઠન રચવાની અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા ધરાવે છે.

(3) ધર્મના આધાર ઉપર વ્યક્તિઓ વચ્ચે ભેદ પાડી શકાય નહિ, તેનો અર્થ એ કે, કાયદા સમક્ષ સમાનતા અને જાહેર હોદ્દાઓને ધર્મ સાથે સંબંધ નહિ હોય. તેથી ધર્મની બાબતમાં જાહેર હિત સિવાય રાજ્ય દરમિયાનગીરી નહિ કરે.

સ્વતંત્ર ભારતમાં આપણે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર કર્યો છે. આપણે સંસદીય લોકશાહી, સ્વતંત્ર અને તટસ્થ ન્યાયતંત્ર તેમજ સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની જેમ બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ પણ પશ્ચિમ પાસેથી મેળવ્યો છે. આમ, છતાં આપણે કહી શકીએ કે, બિનસાંપ્રદાયિકતાનાં કેટલાંક તત્ત્વો ભારતીય સંસ્કૃતિમાં પડેલાં હતાં. ભારતીય સંસ્કૃતિ વિવિધતામાં એકતા અને સમરસતાનો ગુણ ધરાવે છે. જેના લીધે સર્વધર્મ સમભાવનો આદર્શ મૂર્તિમંત થાય છે. આ આદર્શને મૂર્તિમંત કરવા બિનસાંપ્રદાયિકતા શબ્દપ્રયોગ 1976માં 42માં બંધારણીય સુધારા મારફતે ભારતના બંધારણના આમુખમાં પાછળથી દાખલ કરવામાં આવ્યો.

આમ છતાં બિનસાંપ્રદાયિકતાનો ભારતનો આદર્શ ધર્મનો વિરોધી કે ધર્મવિહીન સમાજનો હિમાયતી નથી. બંધારણમાં એવું ક્યાંય કલ્પ્યું નથી કે ધર્મને આપણા જીવનમાંથી દૂર કરાય. ટૂંકમાં ભારતના બંધારણે બિનસાંપ્રદાયિકતાના આદર્શને 'સર્વધર્મ સમભાવ'ના અર્થમાં જોયો છે.

### આધુનિક સમયમાં બિનસાંપ્રદાયિકતાની અનિવાર્યતા

આધુનિક યુગ એ લોકશાહીનો યુગ છે. લોકશાહીમાં બંધારણ દ્વારા અપાતા મૂળભૂત હકોનું ઘણું મહત્ત્વ હોય છે. આ હકોમાં સ્વતંત્રતાનો હક લોકશાહીના હાર્દરૂપ છે. નાગરિકના વ્યક્તિત્વના વિકાસ માટે ભૌતિક અને આધ્યાત્મિક સ્વતંત્રતા જરૂરી છે. આવી આધ્યાત્મિક સ્વતંત્રતા એ સ્વતંત્રતાનો એવો ભાગ છે, જેના વિના લોકશાહી ધબકી શકતી નથી. ધાર્મિક સ્વાતંત્ર્ય બિનસાંપ્રદાયિકતાના સ્વીકારથી જ સાકાર થાય છે. ધર્મસત્તા અને રાજ્યસત્તા બે સત્તાઓ જે જીવન ઉપર શાસન કરે છે તેનાં અધિકારક્ષેત્રો જુદા હોવા જોઈએ. એ બાબત બિનસાંપ્રદાયિકતાને સાકાર કરવા જરૂરી છે. વધુમાં લોકશાહીમાં વ્યક્તિવિકાસની જે તક હોય છે તે બિનસાંપ્રદાયિકતાના આદર્શથી સરળ બને છે. તે વ્યક્તિના વ્યક્તિત્વના માત્ર ભૌતિક કે શારીરિક જ નહિ પરંતુ બિનભૌતિક અને ધાર્મિક વિકાસમાં પણ સહાયક બને છે. બિનસાંપ્રદાયિકતા એ રાજ્યની નીતિ જ નહિ પરંતુ વલણ પણ છે. તે લોકોની જીવનરીતિ છે. જેમાં અસહિષ્ણુતાને અવકાશ નથી. પ્રત્યેક વ્યક્તિને તેના આંતરિક જીવનનો વિકાસ તે તેની રીતે થવા દે છે. બિનસાંપ્રદાયિક જીવનરીતિ સ્થપાતાં સમાજ ધર્મને આંતરિક તથા ગૌણ બાબત ગણે છે અને જાહેર બાબતોને પ્રાથમિક મહત્ત્વ આપે છે. રાજ્ય સામે આફત આવે ત્યારે ધર્મના વાડાઓથી ઉપર ઊઠીને લોકો એક થઈ રાજ્યને સાથ આપે છે.

બિનસાંપ્રદાયિક વલણ વિકસાવવામાં પ્રથમ અને મહત્ત્વની મુશ્કેલી એ છે કે, કેટલાંક પરંપરાગત રાજ્યો વ્યક્તિને એકમ ગણતા નથી. આવાં રાજ્યો વ્યક્તિ જે સમૂહમાં જન્મે છે અને રહે છે તે ધાર્મિક, પ્રાદેશિક કે ભાષાકીય સમૂહને આધારભૂત એકમ ગણે છે જે બરોબર નથી. તેના બદલે વ્યક્તિને મુક્ત રીતે એકમ સ્વરૂપે રાજ્ય સ્વીકારે તે જરૂરી છે. આમ થાય તો રાજ્યમાં અસ્તિત્ત્વ ધરાવતા અને વિરોધી હિતોવાળા સમૂહોનો પ્રભાવ ઘટી જાય. આમ, બિનસાંપ્રદાયિકતા એ આધુનિક રાજ્યનું વિધેયાત્મક વલણ બને છે. તે રાજ્યના માધ્યમથી વ્યક્તિને વિકાસના એકમ તરીકે સંરક્ષણ અને પ્રોત્સાહન પૂરું પાડે છે. આમ થવાથી વ્યક્તિ અને સમાજનું જીવન ઉત્કૃષ્ટ બને છે.

### ભારતમાં બિનસાંપ્રદાયિકતાના ખ્યાલની પ્રસ્તુતતા

બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની સામે 1857માં રાજવીઓના નેતૃત્વ નીચે હિંદુ અને મુસ્લિમ બે કોમમાં મહદંશે એકતા સાથે સ્વાતંત્ર્ય માટે પ્રથમ પ્રયત્ન થયેલો. તેથી અંગ્રેજ સરકારે ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવેલી. આમ થવાથી હિંદુ-મુસ્લિમ બે કોમ વચ્ચે અંતર વધતું ગયું. આખરે પાકિસ્તાનની રચના ધર્મને આધારે થઈ. આજે પાકિસ્તાન પોતાને 'ઇસ્લામિક રીપબ્લિક સ્ટેટ' તરીકે ઓળખાવે છે.

ભારતે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર કર્યો છે. ભારતે તમામ ધર્મોનું સહઅસ્તિત્વ જ નહિ પરંતુ તમામ માનવસમૂહો, ધર્મ, નીતિ, રંગ અને લિંગના ભેદભાવ મુક્ત વિકાસના માર્ગે આગળ વધે તેવો સર્વધર્મ સમભાવ કેળવ્યો. લાંબા સમયના સ્વાતંત્ર્યસંગ્રામને લીધે 15મી ઑગસ્ટ, 1947ના રોજ અસ્તિત્વમાં આવેલા ભારતમાં પરસ્પર સહિષ્ણુતા અને બંધુત્વના આદર્શ સાકાર બની શક્યા. આ માટે મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરુ અને સરદાર પટેલનું પ્રેરણાદાયી નેતૃત્વ પણ જવાબદાર હતું.

પરંતુ સમયના પ્રવાહ સાથે રાજકીય, આર્થિક અને સામાજિક કારણોસર ક્યારેક દેશના કોઈ ને કોઈ પ્રદેશોમાં કોમી હુલ્લડો થવા માંડ્યા. તેથી જ આગળ જોયું છે તે પ્રમાણે, 1976માં બંધારણના આમુખમાં સ્પષ્ટ રીતે 'બિનસાંપ્રદાયિકતા' શબ્દ ઉમેરવામાં આવ્યો. આધુનિક ભારતની એકતા, અખંડિતતા અને વિકાસને મહત્ત્વ આપવા બિનસાંપ્રદાયિકતાનો માર્ગ આ રીતે સ્પષ્ટ કરાયો.

સ્વતંત્ર ભારતે સંસદીય લોકશાહીનો માર્ગ અપનાવેલો છે. લોકશાહી ભારત માટે ધર્મ કે ધાર્મિક સમૂહ નહિ પરંતુ વ્યક્તિ એકમ છે. આ વ્યક્તિના વિકાસ દ્વારા જ આખરે રાષ્ટ્ર-રાજ્યનો વિકાસ શક્ય બનવાનો છે. વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વતોમુખી વિકાસ શક્ય બને તે માટે તેને ધાર્મિક સ્વાતંત્ર્યનો મૂળભૂત હક અપાયો છે. આ ધાર્મિક સ્વાતંત્ર્યને બિનસાંપ્રદાયિક આદર્શવાળું ભારત રાજ્ય જ ઉપયોગી બની શકે તેમ છે.

1991થી આપણે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના નવા પ્રવાહો સ્વીકાર્યા છે. તેના દ્વારા ભારતીય સમાજનો સાચો

વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે રાજ્ય માટે પ્રત્યેક નાગરિક સમાન હોય. આર્થિક વિકાસની તકો લોકોને ધાર્મિક ભેદભાવ વગર પૂરી પડાય. ભારતે પ્રાચીન સમયથી 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના અપનાવેલી છે. તે વૈશ્વિકીકરણના નવા પ્રવાહને મજબૂત બનાવનારી છે. વૈશ્વિકીકરણના યુગમાં ભારતનો નાગરિક વિશ્વ નાગરિકતાનો આદર્શ સાકાર કરે તે માટે પણ બિનસાંપ્રદાયિકતા મહત્ત્વની બને છે. બિનસાંપ્રદાયિકતા નાગરિકમાં સહકાર અને બંધુત્વના ગુણ વિકસાવી શકે છે, તે માનવહકોનું જતન કરે છે જે આખરે વિશ્વશાંતિ અને સહઅસ્તિત્વને પોષક છે.

વૈશ્વિકીકરણે અને ઇન્ફર્મેશન ટેક્નોલૉજીના વિકાસે વિશ્વનાં રાજ્યોની સરહદો ઓળંગીને વિશ્વસમાજને એક બનાવી દીધો છે. આમ છતાં, આંતરરાષ્ટ્રીય રાજકારણની વાસ્વવિકતાને આપણે વિસરી શકીએ એમ નથી. અણુશસ્ત્રો અને લાંબા અંતરના મિસાઇલોની શોધે ભારતની ચીન અને પાકિસ્તાની સરહદોને વધુ સંવેદનશીલ બનાવી દીધી છે. આમ, ભારતની બાહ્ય સુરક્ષા સામે મોટો પડકાર ઊભો થઈ રહ્યો છે. ભારતની આંતરિક શાંતિ, સલામતી, એકતા અને અખંડિતતા જાળવવી ઘણી અગત્યની બની જાય છે. આ આંતરિક મજબૂતાઈ માટે ભારતના વિવિધ ધર્મોના સમૂહો વચ્ચે પરસ્પર સહકાર, સહિષ્ણુતા અને બંધુત્વની ભાવના જળવાય અને દૃઢ બને તે જરૂરી છે. આ બાબત બિનસાંપ્રદાયિકતાના માર્ગે જ સિદ્ધ થઈ શકે તેમ છે. આજના ભારતની આ તાતી જરૂરિયાત છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) રાષ્ટ્ર એટલે શું ? રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચેનો તફાવત સમજાવો.

(2) રાષ્ટ્રવાદ એટલે શું ? તેનાં લક્ષણો જણાવો.

(3) બિનસાંપ્રદાયિકતાનો અર્થ આપી તેની આવશ્યકતા સમજાવો.

(4) ભારતમાં બિનસાંપ્રદાયિકતાના ખ્યાલની પ્રસ્તુતતાની ચર્ચા કરો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) રાષ્ટ્રનો ખ્યાલ

(2) રાષ્ટ્રવાદનાં લક્ષણો

(3) આધુનિક સમયમાં બિનસાંપ્રદાયિકતાની પ્રસ્તુતતા

(4) વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં બિનસાંપ્રદાયિકતા

(5) ભારતીય પરિપ્રેક્ષ્યમાં બિનસાંપ્રદાયિકતા

**3. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) રાષ્ટ્ર એટલે શું ?

(2) બિનસાંપ્રદાયિકતા એટલે શું ?

(3) રાષ્ટ્રવાદ એટલે શું ?

(4) રાષ્ટ્ર માટે કયાં તત્ત્વો ઉપયોગી છે ?

(5) રાજ્ય માટે કયાં તત્ત્વો અનિવાર્ય ગણાય છે ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) રાષ્ટ્રવાદ માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'નેશન' કઈ ભાષામાંથી ઊતરી આવ્યો છે ?

(અ) ઉર્દૂ (બ) લેટિન (ક) ફ્રેન્ચ (ડ) ઇટાલિયન ☐

(2) રાષ્ટ્ર માટે 'રાષ્ટ્રીયતા'ની માનસિક કે આધ્યાત્મિક ભાવનામાં રાજકીય તત્ત્વ ઉમેરાય ત્યારે તે રાષ્ટ્ર બને છે એમ કોણે કહેલું ?

(અ) લૉર્ડ કર્ઝન (બ) લૉર્ડ રીપન (ક) લૉર્ડ બ્રાઇસ (ડ) લૉર્ડ માઉન્ટ બેટન ☐

(3) રાષ્ટ્રવાદ એ કેવી ઘટના છે ?

(અ) પ્રાચીન ઘટના છે. (બ) વિવાદાસ્પદ ઘટના છે.

(ક) મધ્યકાલીન ઘટના છે. (ડ) આધુનિક ઘટના છે. ☐

(4) વૈશ્વિક કક્ષાએ બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ ક્યારે મહત્ત્વનો બનેલો ?

(અ) 17મી અને 18મી સદી દરમિયાન (બ) 12મી અને 13મી સદી દરમિયાન

(ક) 9મી અને 10મી સદી દરમિયાન (ડ) 4થી અને 5મી સદી દરમિયાન ☐

(5) બિનસાંપ્રદાયિકતા શબ્દ ભારતના બંધારણમાં કયા બંધારણીય સુધારાથી ઉમેરવામાં આવ્યો ?

(અ) 40મા (બ) 35મા (ક) 45મા (ડ) 42મા ☐

**પ્રવૃત્તિ**

- બિનસાંપ્રદાયિકતાનું દર્શન કરાવતા ચાર્ટ તૈયાર કરવા.
- રાષ્ટ્રીય એકતા મજબૂત બને તે માટે વિવિધ કાર્યક્રમો કરવા. જેવાં કે; પોસ્ટર બનાવવાં, શેરી નાટક ભજવવાં વગેરે.

●